# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

## ગાંધીનગર

ફરીયાદી:- દિવ્યેશ સુરેશકુમાર સોલંકી વતી
તેના કુલ મુખત્યાર સુરેશકુમાર એમ.સોલંકી
૧૪, બ્લોક-બી, વ્રજવિહાર એપાર્ટમેન્ટ,
કેડિલા રોડ, ઘોડાસર, અમદાવાદ-૩૮૦૦૫૦

વિરુધ્ધ

સામાવાળા :- શ્રી મનીષ જસવંતભાઈ પટેલ
રેઈનબો બિલ્ડકોનના ભાગીદાર,
વહીવટ કર્તા (કુલ મુખત્યાર) તથા ડેવલોપર્સ
૩૫, શિવાલીક સોસાયટી, ધુમા, અમદાવાદ.

પ્રોજેક્ટ :

ફરીયાદી તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : પોતે

સામાવાળા તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : પોતે

(કોરમ : શ્રી પી.જે. પટેલ, મેમ્બર-૧ અને ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ, મેમ્બર-૨)

ફરીયાદનં :- CMP/Ahmedabad/180315/0026

હુકમ

તા. /૦૧/૨૦૧૯

૧. ફરિયાદીની ફરિયાદનાં હકીક્ત એવી છે કે તેમના દ્વારા રાધે પેરેડાઈઝ નામના પ્રોજેક્ટમાં બ્લોક-એ માં ફ્લેટ નં. ૨૦૪ ખરીદેલ હતો. જેનો બાનાખત તા.૧૦/૦૭/૨૦૧૪ અને વેચાણ દસ્તાવેજ તા.૦૭/૦૭/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ.

૨. ફરિયાદીએ ઓનલાઈન ફરિયાદમાં જણાવેલ છે કે, પ્રમોટર દ્વારા હલકી ગુણવત્તાના મટિરિયલ્સથી બાંધકામ કરવામાં આવેલ છે. તેમજ ફ્લેટનો કબજો પણ સોંપેલ નથી અને બી.યુ.પરમિશન મેળવવા અરજી પણ કરેલ નથી.

૩. તા.૧૩/૧૧/૨૦૧૮ ના રોજ બન્ને પક્ષ રેરા ઓથોરિટી સમક્ષ હાજર રહેલ તેમજ તેઓને સમાધાનની વાત ચાલતી હોવાનું જણાવેલ આથી સમાધાન માટે તેઓને ૧૫ દિવસનો સમય રેરા ઓથોરિટી દ્વારા આપવામાં આવેલ.

૪. તા.૩૧/૧૨/૨૦૧૮ ના રોજ અરજદાર શ્રી દિવ્યેશ સુરેશકુમાર સોલંકી દ્વારા પત્ર દ્વારા જાણ કરેલ છે કે તેઓનું સમાધાન શ્રી મનીષ જસવંતભાઈ પટેલ, રેઈન્બો બિલ્ડર્સના ભાગીદાર સાથે થઈ ગયેલ છે. તેમજ તેઓને તા.૨૯/૧૧/૨૦૧૮ ના રોજ ફ્લેટનો કબજો મળી ગયેલ હોવાનો તથા તમામ દસ્તાવેજ મળી ગયા હોવાનો સ્વિકાર કરેલ હોઈ, પોતાનો કેસ પાછો ખેંચવા માંગણી કરેલ છે.

## હુકમ

આથી ફરિયાદીની ફરિયાદનો નિકાલ થઈ ગયેલ હોઈ, ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

31/1/19
મેમ્બર -૧

ગુજરાત સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળ ગુજરેરા

મેમ્બર -૨
3/2/19